Email-msbsmc@gmail.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત-૩૯૫ ૦૦૧

નંબર : ૬૦૦૪૯      તા- ૦૬-૦૩-૨૦૧૯

પ્રતિ,

મુખ્યશિક્ષકશ્રી/આચાર્યશ્રી,

શાળા નં.૧ થી તમામ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

વિષય : - સીઝનલ ફલુ ( ઈન્ફલુએન્ઝા - એ H1N1 ) રોગની જાણકારી આપવા બાબત.

સંદર્ભ : - ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) સુ.મ.ન.ના પત્ર નં.પીએચડી/વીએસસી/૧૩૮૬ તા.૦૧/૦૩/૨૦૧૯

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત સંચાલિત તમામ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હાલમાં ગુજરાત રાજયની સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સીઝનલ ફલુ ( ઈન્ફલુએન્ઝા - એ H1N1 ) નાં કેસોમાં સતત વધારો થઈ રહયો છે. આ રોગનાં દર્દીને જો શરૂઆતમાં જ શોધી તેને વહેલી સારવાર આપવામાં આવે તો આ રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે. રોગનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

- શરદી ખાંસી અને ગળામાં દુ:ખાવો ભારી તાવ
- શરીરતુટવુ અને નબળાઈ

ઉપરોકત લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓ શાળામાં આવે તો તેઓના વાલીઓને સમજાવી તાકીદે સ્મીમેર / નવી સિવીલ હોસ્પિટલમાં સારવાર લેવા સમજાવવા તથા આવા વિદ્યાર્થીઓને શાળાએ ન મોકલવા જે બાબતની જાણ વાલીઓને કરવા નોંધ લેશો.

આ જાવક શાળાનાં તમામ કર્મચારીઓને વાંચી વંચાવી સહી મેળવી શાળા દફતરે રાખવો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

સવિનય નકલ રવાના :- મે.અધ્યક્ષશ્રી, ન.પ્રા.શિ.સ. સુરત તરફ જાણ માટે.

નકલ રવાના :- તમામ નિરીક્ષકશ્રીઓ, ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ તથા અમલ માટે.